'નર્મદા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચાના કેન્દ્રમાં રહેલા તોડકાંડમાં નવો વિસ્ફોટ'

કલેક્ટરનો યુ-ટર્ન ? '75 લાખની માંગ ચૈતર વસાવાએ કરી હતી': મનસુખ વસાવાનો દાવો

મનસુખ વસાવાની કલેક્ટર સાથેની લાંબી બેઠક બાદ રાજકીય ભૂકંપ

કલેક્ટરનો પણ યુ ટર્ન અને સંસદનો પણ ભાજપ છોડવાની બાબતે યુ ટર્ન

(ભરૂચ,દેડિયાપાડા) તા.26

નર્મદા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચાના કેન્દ્રમાં રહેલા 75 લાખ રૂપિયાના તોડકાંડ મામલે શુક્રવારે નાટકીય વળાંક આવ્યો છે. ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ જિલ્લા કલેક્ટર સંજય મોદી સાથે બેઠક કર્યા બાદ દાવો કર્યો છે કે, કલેક્ટરે પોતાના અગાઉના સ્ટેન્ડ પરથી યુ-ટર્ન લીધો છે અને હવે સ્વીકાર્યું છે કે 75 લાખ રૂપિયાની માંગ ચૈતર વસાવા દ્વારા જ કરવામાં આવી હતી. સાંસદના આ દાવાથી વહીવટી અને રાજકીય વર્તુળોમાં ભારે નાટકીય સ્થિતિ સર્જાઈ છે અને સમગ્ર પ્રકરણ ફરી એક વખત રાજકીય અને વહીવટી વર્તુળોમાં ગરમ ચર્ચાનો વિષય બની ગયો છે.

સાંસદ મનસુખ વસાવા જિલ્લા ભાજપ પ્રમુખ સહિતના કાર્યકર્તાઓ સાથે જિલ્લા કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. ત્યાં લાંબી અને મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટર સંજય મોદીએ સ્વીકાર્યું હતું કે 75 લાખ રૂપિયાની માંગ ચૈતર વસાવા દ્વારા કરવામાં આવી હતી અને આ બાબત તેમને માર્ગ અને મકાન વિભાગના ઈજનેર મોદી દ્વારા જણાવવામાં આવી હતી- એવો દાવો સાંસદ વસાવાએ મીડિયા સમક્ષ કર્યો હતો. આ સ્વીકારથી અગાઉના દિવસોમાં કલેક્ટર દ્વારા આપવામાં આવેલા ઇનકારના નિવેદન પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

ઉલ્લેખનીય છે કે, બે દિવસ અગાઉ ચૈતર વસાવા જિલ્લા કલેક્ટરને મળ્યા ત્યારે કલેક્ટરે 75 લાખ રૂપિયાની માંગ અંગેની વાતને ખોટી ગણાવી હતી. જોકે, શુક્રવારની બેઠકમાં સ્થળ અંગે નવી વિગત સામે આવી છે, જેમાં સાંસદના દાવા મુજબ કલેક્ટરે જણાવ્યું છે કે આ ચર્ચા રાજપીપળા ખાતે નહીં પરંતુ કેવડિયા હેલિપેડ ખાતે થઈ હતી. સ્થળ બદલાવની આ નવી દલીલએ સમગ્ર પ્રકરણમાં વધુ ગૂંચવણ અને શંકાઓ ઊભી થઈ છે.

આ પ્રકરણ સાથે મનસુખ વસાવાની રાજકીય પ્રતિષ્ઠા પણ જોડાયેલી હતી કારણ કે આ સમગ્ર વિવાદ દરમિયાન સાંસદ મનસુખ વસાવાએ જો તેમને ન્યાય નહીં મળે તો તેઓ ભાજપ પાર્ટી છોડી દેશે તેવું સ્ફોટક નિવેદન આપ્યું હતું. જોકે શુક્રવારની બેઠક બાદ મીડિયા સાથેની વાતચીતમાં તેમણે પણ યુ-ટર્ન લેતા જણાવ્યું હતું કે, "મારી સાથે ભાજપ પાર્ટી ઊભી છે. મને પાર્ટી પર વિશ્વાસ છે અને આજે જિલ્લા પ્રમુખ સહિતના કાર્યકર્તાઓ મારી સાથે આવ્યા છે.

શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ઉત્તમ પ્રદાન બદલ 570 વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોનું સન્માન

પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોનું અભિવાદન કરાયું

ગવર્નમેન્ટ સર્વન્ટ્સ ક્રેડિટ સોસાયટી દ્વારા અભિવાદન

(પ્રતિનિધિ) વડોદરા તા.26

રાજ્યની અગ્રણી શરાફી સંસ્થા ધી ગવર્નમેન્ટ સર્વન્ટ્સ કો-ઓપ. ક્રેડિટ સોસાયટી લિ. દ્વારા તેના સભાસદોના પ્રતિભાશાળી સંતાનોને પ્રોત્સાહન આપવા માટે એક વિશેષ સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળા તથા કોલેજની પરીક્ષામાં ઉત્તમ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને રોકડ ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૫૭૦થી વધુ વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પાંચ પ્રતિષ્ઠિત પ્રાધ્યાપકોને તેમના આંતરરાષ્ટ્રીય સ્તરના સંશોધન કાર્ય અને યુનિવર્સિટીને અપાવેલા ગૌરવ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. સન્માનિત પ્રાધ્યાપકોમાં ધાતુઓના કાટ નિવારણ માટે સંશોધન કરનાર સુનિલ કહાર, અલ્ઝાઇમર રોગ માટે જવાબદાર મોલેક્યુલની ઓળખ કરી દવા વિકાસમાં મહત્વનું યોગદાન આપનાર પ્રશાંત મુરુમકર, ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રે ૪૦૦૦થી વધુ સંશોધનપત્રો આપનાર પ્રો. જહા, તેમજ સરકાર અને ગ્રામ વિકાસ ક્ષેત્રે માર્ગદર્શન આપનાર ભુમિત શાહનો સમાવેશ થાય છે.કાર્યક્રમનું સંચાલન વ્યવસ્થાપક મંડળના સભ્ય શ્રી જીગ્નેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેર ભાજપના પ્રમુખ તથા સંસ્થાના પૂર્વ વ્યવસ્થાપક સભ્ય ડો. જયપ્રકાશ સોની, જિલ્લા સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર નીલમબહેન ચાવડા, જિલ્લા સહકારી સંઘના પ્રમુખ પ્રવિણભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ મંડળીની સિદ્ધિઓ, પારદર્શક કામગીરી અને રાજ્યમાં પ્રાપ્ત કરેલા અગ્રસ્થાન બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

- પેંશન પોસ્ટ ખાતામાં જ જમા થાય તેને પ્રાધાન્ય આપવા પણ કરાશે માંગ

ભરૂચમાં રવિવારે ગંગા સ્વરૂપા વિધવા બહેનોનું ચોથું મહાસંમેલન

આશ્રિતો સાથે સન્માનભેર જીવનનિર્વાહ માટે નિરાશ્રિત વિધવા બહેનોનું 3000 પેંશન કરવા સરકારમાં રજુઆત કરાશે : પૂર્વમંત્રી

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

ભરૂચ અને નર્મદા હિતવર્ધક સમિતિ દ્વારા હોસ્ટેલ ગ્રાઉન્ડ પર વિધવા બહેનોનું ચોથું વિરાટ સંમેલન કન્વીનર ખુમાનસિંહ વાંસિયા દ્વારા રાખવામાં આવ્યું છે.જેમાં ભરૂચ અને નર્મદા જિલ્લાની વિધવા બહેનો ખૂબ જ મોટી સંખ્યામાં સ્વખર્ચે ઉમટી પડશે. પૂર્વમંત્રી અને હિતવર્ધક સમિતિના કન્વીનર ખુમાનસિંહ વાંસિયાએ વર્ષ-2018માં વિધવા બહેનોના વાસ્તવિક જીવનનો અભ્યાસ કરી તેઓ માટે પેન્શનની રજુઆત કરી હતી. ગુજરાત ભાજપ સરકારે સ્વીકારી આશીર્વાદ રૂપે જિલ્લાની 65 હજાર અને રાજ્યની 19 લાખ વિધવા બહેનોને પેન્શન સહાય શરૂ કરાઈ હતી. શનિવારે ભોલાવ સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં પૂર્વમંત્રી ખુમાનસિંહ વાંસિયાએ માહિતી આપી હતી કે, વિધવા બહેનોના પેંશનમાં વિસંગતતા રહેલી છે. જે દૂર કરવા સરકારમાં રજુઆત કરાશે. પોસ્ટ ખાતામાં પહેલા જમા થતું પેંશન બંધ કરાયું છે. જેને પોસ્ટને જ પ્રાધાન્ય અપાઈ તેવી માંગ પણ સંમેલન બાદ સરકારમાં મુકાશે. ભરૂચ - નર્મદા હિતવર્ધક સમિતિના પહેલા અધિવેશન બાદ 2000 ના સ્થાને 65000 જેટલી વિધવા બહેનોને પેંશન મળતું થયું છે. રાજ્યમાં પણ આ સંખ્યા 2 લાખથી વધીને 18 થી 19 લાખ થઈ છે.જોકે હાલ મળતું રૂપિયા 1250/-નું પેંશન વિધવા બહેનો અને તેમના આશ્રિતો માટે પર્યાપ્ત નથી. જેને ધ્યાને લઈ સન્માનભેર જીવનનિર્વાહ માટે વિધવા પેંશન .3000/- કરવા રાજ્ય સરકારને રજુઆત કરાશે. હિત રક્ષક સમિતિના સર્વે પ્રમાણે વિધાનસભા બેઠક દીઠ 25000 બહેનો વિધવા છે. જેમાં બુથ દીઠ એક બુથ પર 100 થી 150 વિધવા બહેન રહેલી છે.

પતિ દ્વારા ઝઘડા કરી હેરાન કરતા હોય પત્નીએ ફરિયાદ કરી

તરસાલીમાં રહેતી પત્નીને પતિએ નાક પર મુક્કો મારતા 3 ટાંકા આવ્યાં

પરિણિતાને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

તરસાલી વિસ્તારમાં રહેતી પરીણીતા સાથે પતિએ ઝઘડો કરી ગાળાગાળી કરતા હતા. જેથી પત્નીએ ગાળો નહી બોલવાનું કહેતા પતિવધુ ઉશ્કેરાઇ ગયાં હતા અને માર માર્યા બાદ નાક પર મુક્કો મારી દીધો હતો. જેથી પત્ની લોહિલુહાણ થઇ ગયાં હોય તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયાં હતા. જેમાં પરીણિતાને નાક પર 3 ટાકાં આવ્યાં હતા. જેથી પરીણીતાએ પોલીસ ફરિયાદ મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલી રવિપાર્ક સોસાયટીમાં રહેતા મેઘવાની સોલંકીએ નોધાવેલી ફરિયાદ મુજબ તેમના લગ્ન વનરાજસિંહ સોલંકી સાથે લગ્ન થયાં હતા. પરંતુ લગ્ન બાદ પતિ દ્વારા પરીણીતા સાથે અવારનવાર કોઇને કાઇ કારણોસર ઝઘડા કરતા હતા અને ગાળો ભાંડતા હતા. પરીણિતા પતિને ગાળો બોલવાની ના પડતા પતિએ તેમની સાથે મારપીટ શરૂ કરી દીધી હતી. ઝઘડામાં ઉશ્કેરાયેલા પતિએ વનરાજસિંહ સોલંકીએ તેમના નાક પ મુક્કો મારી દીધો હતો. જેથી તેમને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. ત્યાં તેમને સારવાર દરમિયાન નાક પર ત્રણ ટાકા આવ્યાં હતા. પરીણીતાના ફરિયાદના આધારે પોલીસે મહિલાના પતિ વિરુદ્ધ ગુનો નોંધી તેમને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રા પટેલ અને ગૃહમંત્રી અમિત શાહ વર્ચ્યુલી જોડાયા

ભગવાન શ્રી કૃષ્ણની અલગ અલગ લીલાઓના દર્શન

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

શ્રીમદ્ ભાગવત કથાના પંચમ દિવસે વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી ધ્રુમિલકુમારજી મહોદય શ્રી, વડતાલ મંદિર ના શ્રી રાકેશપ્રસાદ મહારાજ શ્રી, અનુપમ મિશન થી જસભાઈ સાહેબ શ્રી વિશેષ ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવ્યા હતા. આજે આપણે સૌને શ્રી વ્રજરાજકુમારજીનું નેતૃત્વ મળ્યું છે જે ગૌરવ લઈ શકાય. આપશ્રી વલ્લભકુળ પરિવારનું ગૌરવ છો સાથે સનાતન હિન્દુ ધર્મનું ગૌરવ પણ છો તેમજ રાષ્ટ્રનું ગૌરવ પણ છો. VYO ભારત પૂરતું નહીં પણ વૈશ્વિક લેવલ પર કાર્ય કરતી સંસ્થા છે. આ ગ્લોબલ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ ના પાંચમા દિવસે ભગવાન શ્રીકૃષ્ણ લીલાઓનું શ્રવણ કર્યું. ભગવાન શ્રીકૃષ્ણનું ચતુર્ભુજ સ્વરૂપે શ્રી બાલકૃષ્ણલાલજી નું પ્રાગટ્ય થયું. પૂજ્યશ્રી વ્રજરાજકુમારજીના સ્વમુખેથી ભગવાન શ્રીકૃષ્ણની અલગ અલગ લીલાઓને શ્રવણ કરી. સનાતન વૈદિક હિંદુ ધર્મમાં આપણે કહી શકાય કે સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ છે જે સાકાર સ્વરૂપ છે ભગવાનને જે 5,000 વર્ષ પહેલા જે લીલાઓ કરી તેને આજે પણ આપણે ભાવવિભોર થઈને વારંવાર સાંભળવી એ છીએ.. જે આનંદ છે એ "કૃષ્ણ છે", જે કૃષ્ણ છે તે જ આનંદ છે.

મનુષ્યના સ્વભાવ મુખ્ય ત્રણ પ્રકારે હોય છે સાત્વિક, રાજસ અને તામસ. તેમાં સાત્વિક સ્વભાવવાળા લોકો ગુણને વ્યવહાર કરતાં હોય છે, રાજસ સ્વભાવવાળા વ્યક્તિના હાવભાવ અને નખરા જોઈને વ્યવહાર કરતાં હોય છે અને તામસ સ્વભાવવાળા વ્યક્તિના રૂપ જોઈને વ્યવહાર કરતાં હોય છે. સત એ વિષ્ણુ છે, રજ એ બ્રહ્માજી છે અને તમ છે એ શિવજી છે. પ્રશ્ન થાય કે વિષ્ણુ મોટા કે શ્રીકૃષ્ણ મોટા તો મહાવીષ્ણુ જે લોકવેદાતીત પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ મોટા છે. જે ભગવાન ભારતના ચારધામ અને તીર્થ સ્થાનોમાં વ્યાપક રીતે બિરાજમાન છે.

ગોધરાના સાંપા રોડ પરનો બનાવ

ઈકો કારે ડીપીને ટક્કર મારતા વીજપોલ ધરાશાયી થયો

(પ્રતિનિધિ) ગોધરા, તા.26

શહેરના સાંપા રોડ પર પવન ટ્રાન્સપોર્ટની સામે આજે બેકાબૂ ઈકો કારે એમજીવીસીએલની વીજ ડીપીને ટક્કર મારતા શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. આ અકસ્માતમાં વીજ પોલ તૂટીને થ્રી-ફેસ લાઈન પર પડતા સમગ્ર વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. બનાવની જાણ થતા જ ૧૧૨ની ટીમ, ગોધરા ફાયર બ્રિગેડ અને એમજીવીસીએલના કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર વિભાગે પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. જ્યારે વીજ કંપનીએ યુદ્ધના ધોરણે સમારકામ શરૂ કરી વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની તજવીજ હાથ ધરી હતી. આ ઘટનાની વિગતો મુજબ, સાંપા રોડ પરથી પસાર થઈ રહેલી એક ઈકો કારના ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો.જેના પરિણામે કાર પવન ટ્રાન્સપોર્ટની બિલકુલ સામે આવેલી વીજ ડીપી સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર વાગતા ઉપરથી પસાર થતા જીવંત હાઈટેન્શન વાયરો પર પડ્યો હતો. પરિણામે સર્જાયેલા શોર્ટ સર્કિટથી ડીપી અને આસપાસના વિસ્તારમાં આગ લાગી હતી. રસ્તા પર અચાનક લાગેલી આગને પગલે વાહનચાલકો અને સ્થાનિક રહીશો ભેગા થઈ ગયા હતા. સ્થાનિકો દ્વારા તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર ફાયટરોએ ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવ્યો હતો અને આગને વધુ વિકરાળ બનતી અટકાવી હતી. અકસ્માતને કારણે વીજ લાઈનો ક્ષતિગ્રસ્ત થઈ હોવાથી સમગ્ર પંથકનો પાવર સપ્લાય બંધ કરી દેવામાં આવ્યો હતો.

એમજીવીસીએલની ટીમે સ્થળ પર પહોંચી જોયું તો વીજ પોલ ધરાશાયી હોવાથી મોટું નુકસાન થયું હતું. હાલમાં વીજ કંપનીના ટેકનિશિયન દ્વારા નવા પોલ ઉભા કરી અને વાયરોનું જોડાણ કરી વીજ પુરવઠો વહેલી તકે શરૂ કરવા માટે મરામતની કામગીરી ચલાવવામાં આવી રહી છે.

સૃજન એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા મિની ટેલેન્ટ શો સફળતાપૂર્વક સંપન્ન

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

બાળકોની સર્જનાત્મકતા અને પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે સૃજન એજ્યુકેશન ટ્રસ્ટ તથા સૃજન આર્ટ એન્ડ લિટરેચર ક્લબ દ્વારા આયોજિત મિની ટેલેન્ટ શો અને ફેસ્ટિવ ફન ટેલેન્ટ હન્ટ 23 અને 24 ડિસેમ્બર 2025ના રોજ સફળતાપૂર્વક યોજાયો. પ્રથમ તબક્કો 23 ડિસેમ્બરના રોજ તલસત પ્રાથમિક શાળા ખાતે યોજાયો, જેમાં 75 બાળકોએ ભાગ લીધો, જ્યારે જાહેર કાર્યક્રમ 24 ડિસેમ્બરના રોજ રિલાયન્સ મોલ, ઓ.પી. રોડ ખાતે યોજાયો. બાળકોએ ગાયન, નૃત્ય, કોમેડી તથા સ્કિટ્સમાં પોતાની પ્રતિભા રજૂ કરી. ન્યાયાધીશો તરીકે ડૉ. પ્રશોભ સૈની અને રેખા સિંહ, તેમજ વિશેષ અતિથિ તરીકે એડવોકેટ કિશોર પિલ્લઈ હાજર રહ્યા. આયોજનમાં શાળાના શિક્ષકો, આરએસએસના ઋતુરાજ વાઘેલા, નોડલ ઓફિસર ચિરાગ પંચાલ, રિલાયન્સ મોલની ટીમ, તેમજ Chocolate Twilight અને Megsan Educationનો સહયોગ રહ્યો. તમામ ભાગ લેનાર બાળકોને પ્રમાણપત્રો અને ઈનામો આપવામાં આવ્યા હતા.

વારસિયા વિસ્તારમાં ત્રણ કારની આગ ચાંપી સળગાવી દેનાર આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં સાઈબાબા નગર સોસાયટી વિસ્તારમાં થોડા સમય પૂર્વે રાત્રી સમય દરમિયાન ગાડીઓને આગચંપી કરનાર વોન્ટેડ આરોપીને વારસિયા પોલીસે ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે બુટલેગર હેરી લુધવાણીને વોન્ટેડ જાહેર કર્યો હતો.વડોદરા શહેરની વારસિયા પોલીસ મથક હદ વિસ્તારમાં સાઈબાબા નગર સોસાયટી પાસે થોડા દિવસ અગાઉ ફોરવીલર ગાડીઓ સળગાવી નાખવાનો બનાવ બન્યો હતો. આ ગુનાના વોન્ટેડ આરોપી વિશાલ ઉર્ફે ગોંધળી અશોકભાઈ પવાર રહેવાસી કિશનવાડી વુડાના મકાન ખાતે કિશનવાડી ઝંડા ચોકમાં આવેલ દુકાનની બહાર ઉભેલો છે.જે ચોક્કસ માહિતીને આધારે વારસિયા પોલીસ મથકની ટીમે સ્થળ પર જઈ વિશાલ ઉર્ફે ગોંધળીને ઝડપી પાડ્યો હતો. જ્યારે મુખ્ય આરોપી હેરી લૂધવાની નહીં પકડાતા તેની શોધખોળ શરૂ કરી છે.

વડોદરા જિલ્લામાં મતદાર યાદીની ખાસસઘનસુધારણાકેમ્પનુંઆયોજન

આધાર પુરાવા સ્વીકારવાની કામગીરી તંત્ર તરફથી અપીલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા જિલ્લામા હાલ મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ(Special intensive revision-SIR)ની કામગીરી નો પ્રથમ તબક્કો પૂર્ણ થયેલ છે અને મુસદ્દા મતદારયાદીની પ્રસિધ્ધિ(Publication of Draft Electoral Roll) તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. બીજા તબક્કામા હક્ક દાવા અને વાંધા અરજીઓ રજુ કરવાનો સમયગાળો(Claims | Objection Period) તા.૧૯/૧૨/૨૦૨૫(શુક્રવાર) થી તા.૧૮/૦૧/૨૦૨૬(રવિવાર) તેમજ નોટીસ તબક્કો(નોટીસ ઈસ્યુ કરવી, સુનાવણી અને ચકાસણી); ગણતરી ફોર્મ પર નિર્ણય અને EROs દ્વારા સમકાલીન રીતે હક્ક દાવા અને વાંધા અરજીઓનો નિકાલ કરવો(Notice Phase (Issuance, hearing and verification); Decision on Enumeration forms and disposal of claims | objection to be done concurrently by the EROs) તા.૧૯/૧૨/૨૦૨૫(શુક્રવાર)થી તા.૧૦/૦૨/૨૦૨૬ (મંગળવાર) સુધી કામગીરી થનાર છે.જે અન્વયે વડોદરા જિલ્લાની તમામ વિધાનસભા વિસ્તારના મતદાન મથક(બૂથ)પર વિશેષ કેમ્પનું આયોજન તા.૨૭/૧૨/૨૦૨૫(શનિવાર),તા.૨૮/૧૨/૨૦૨૫(રવિવાર), તા.૦૩/૦૧/૨૦૨૬ (શનિવાર) અને તા.૦૪/૦૧/૨૦૨૬(રવિવાર) ના રોજ કરવામાં આવેલ છે,જ્યાં બી.એલ.ઓ. સવારે ૧૦.૦૦ કલાક થી સાંજના ૫૦૦ કલાક સુધી હાજર રહેશે અને તેઓ દ્વારા નીચે જણાવેલ કામગીરી કરાશે. (૧) મુસદ્દા મતદારયાદી (Draft Electoral Roll) માં નામ છે કે નહિં તેની ચકાસણીની કામગીરી (૨) "No Mapping" અને "Uncollectable" ના કિસ્સામાં જરૂરી આધાર પુરાવા સ્વીકારવાની કામગીરી વહીવટી તંત્ર વદોદરા તરફથી અપીલ કરવામા આવે છે.

પતિ દ્વારા ઝઘડા કરી હેરાન કરતા હોય પત્નીએ ફરિયાદ કરી

બાલવાડીના વિદ્યાર્થીઓની ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સની શૈક્ષણિક મુલાકાત

પરિણિતાને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

ચેતન બાલવાડીના વિદ્યાર્થીઓએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સની શૈક્ષણિક મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન નાનાં વિદ્યાર્થીઓ સૌપ્રથમ વખત આપણા સમૃદ્ધ ભારતીય કલા વારસાથી પરિચિત થયા, જે તેમના માટે એક અનોખો અને આનંદદાયક અનુભવ રહ્યો હતો.

વિદ્યાર્થીઓએ સિતાર, વાયોલિન, તબલા જેવા ભારતીય શાસ્ત્રીય વાદ્યો પ્રથમવાર નજીકથી જોયા તથા તેમની મધુર ધ્વનિઓ સાંભળવાનો અવસર પ્રાપ્ત કર્યો. સાથે સાથે શાસ્ત્રીય ગાયન સંગીત અંગે સરળ ભાષામાં માહિતી આપવામાં આવી. નૃત્ય વિભાગમાં ભરતનાટ્યમ અને કથક જેવી પરંપરાગત નૃત્યશૈલીઓની ઓળખ કરાવવામાં આવી, જ્યારે નાટ્ય કળાના મૂળભૂત તત્ત્વો વિશે પણ બાળકોને સમજાવવામાં આવ્યું.

આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને ફેકલ્ટી સ્થિત વાદ્ય સંગ્રહાલયની પણ મુલાકાત કરાવવામાં આવી, જ્યાં વિવિધ દુર્લભ અને ઐતિહાસિક વાદ્યો જોઈને વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા અને આશ્ચર્યની લાગણી જોવા મળી. આ સંગ્રહાલય દ્વારા ભારતીય સંગીત પરંપરાની વૈવિધ્યતા અને સમૃદ્ધતા અંગે બાળકોને મહત્વપૂર્ણ જાણકારી પ્રાપ્ત થઈ. આ પ્રસંગે ઈન્ચાર્જ ડીન ડો. રાજેશ કેલકરએ પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું કે,નાનાં વયથી જ બાળકોને ભારતીય કલા અને સંસ્કૃતિ સાથે જોડવાથી તેમના સર્વાંગી વિકાસમાં મદદ મળે છે. આવી શૈક્ષણિક મુલાકાતો બાળકોમાં સર્જનાત્મકતા, સંવેદનશીલતા અને આપણા સાંસ્કૃતિક વારસા પ્રત્યે ગૌરવની ભાવના જગાવે છે." તેમણે આવી પ્રવૃત્તિઓને ભવિષ્યમાં વધુ વિસ્તૃત કરવા પર પણ ભાર મૂક્યો હતો. આ શૈક્ષણિક મુલાકાત બાળકો માટે જ્ઞાનવર્ધક, પ્રેરણાદાયક અને સ્મરણિય બની રહી, જેના દ્વારા તેમણે ભારતીય કલા અને સંસ્કૃતિનો પ્રથમ પરિચય આનંદપૂર્વક પ્રાપ્ત કર્યો હતો.

સંગમ ચાર રસ્તા પાસે ફૂટપાથ પરથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો

પોલીસે મોતનું ચોક્કસ કારણ પોસ્ટ મોર્ટમ કરવા માટે મૃતદેહને એસએસજીમાં ખસેડ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરના હરણી વારસીયા રિંગ રોડ પર સંગમ ચાર રસ્તા પાસે આવેલા બસ સ્ટેશન પાછળ ફૂટપાથ પરથી અજાણ્યા અંદાજે 60 વર્ષીય પુરુષનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. ઘટના જાણ થતા પોલીસ તુરંત સ્થળ પર દોડી આવી હતી અને કયા કારણોસર પુરુષનું મોત નિપજ્યું છે તેની સાચી હકીકત જાણવા માટે પોલીસે લાશનુ પીએમ કરાવવા માટે સયાજી હોસ્પિટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના હરણી વારસિયા રોડ પર આવેલા સંગમ ચાર રસ્તા પાસે બસ સ્ટેશન પાછળ ફૂટપાથ પરથી 60 વર્ષીય મૃતદેહ મળી આવ્યો હોવાની જાણ પોલીસ થઇ હતી. ત્યારે પોલીસ કર્મચારીઓ દોડી આવ્યાં હતા અને આ મૃતદેહનો તાત્કાલિક કબજો મેળવી સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ રૂમ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે વારસિયા પોલીસ મથકમાં જાણવાજોગ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

હાલમાં આ અજાણ્યા પુરુષના મૃતદેહને સયાજી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં કોલ્ડ રૂમમાં મૂકવામાં આવ્યો છે. વારસિયા પોલીસે આ અજાણ્યા પુરુષનો વાલી વારસોની શોધખોળ કરવા સાથે કયા કારણોસર તેમનું મૃત્યુ થયું તે બાબતે તપાસ હાથ ધરવામાં આવી છે. આ અજાણ્યા પુરુષનું મૃત્યુ કયા કારણોસર થયું છે તેનું હકીકત પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ ખબર જાણી શકાશે. હાલમાં આ અજાણ્યો પુરુષ ભિક્ષુક હોય તેવો પ્રાથમિક પોલીસ તપાસમાં જાણવા મળી રહ્યું છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેમ્બ્રાએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૫૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ–૪ [રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ આઈડીએફસી ફર્સ્ટ લિ. અને કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૨૪.૦૫.૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. સૈફિ ઈરસાદ અલી** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા ૩૦,૮૩,૩૯૩.૯૮ /– (અંકે રૂપિયા ત્રીસ લાખ ત્યાસી હજાર ત્રણસો ત્રાણુ અને અઠાણુ પૈસા પુરા) તા.૨૩.૦૫.૨૦૨૫** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૦ મી ડિસેમ્બર ૨૦૨૫** ના રોજ આ પ્રત્યક્ષ કબજો સંભાળી લીધેલ છે